# મોહિની

પં-૨૯
૦૯૯૪૫

મોહિની

ઈ.સ. ૧૯-૦૭

પ્રકાશક:- બાપુલાલ. જી. નાયક

# મોહિની.

આવૃત્તિ પહેલી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મુંબઈ ગુજરાતી નાટક મંડળી.

સર્વ હકક સ્વાધીન છે.

મુંબઈ:—

ધી રાઈઝીંગ સ્ટાર પ્રિન્ટિંગ પ્રેસ મધ્યે

એસ. અલીભાઈ દાઉદખાને છાપ્યું છે.

સને ૧૯૦૦. સંવત ૧૯૫૬,

કિમ્મત રૂ૦-૨-૦

# નાટકનાં પાત્રો

## પુરૂષ વર્ગ.

સૂરજમલ..................જેસલમીરનો રાજા (કચ્છવા જાતે)
મહીપાળ..................મેરતાનો રાજા ( મેરતીયો )
કલ્યાણ દેવ..................કોટાનો રાજા ( હાડો)
વીરમ..................જેસલમીરનો સેનાપતિ ( જેઠવો)
રસરાજ..................પ્રભાનો જુઠો આશક
ધાંધલીઓ..................તેનો છોકરો.

## સ્ત્રી વર્ગ.

મોહની..................મહીપાળની પુત્રી પાછળથી કલ્યાણ
દેવના રાણી.
મધુબેની ..................સુરજમલની રખાયત રાણી.
કિશોરી..................મધુબેનીની પુત્રી.
પ્રભા..................મોહિનીની સખી.
કેસર..................વીરમપર આસક્ત: પાછળથી સ્ત્રી.

દરબારીઓ, સીપાઇઓ, દૂતો, સખીઓ, દાસીઓ, વારાંગનાઓ
વિગેરે, વિગેરે, વિગેરે.

# નાટકની ટુંક સમજ

સ્તાવના—સૂત્રધાર નટી. નાટક સંબંધી સ્હેજ સૂચન.

## અંક ૧ લો.

વેશ.

૧—જેસલમીરના મહારાજા સૂરજમલ કચ્છવાની રખાયત મધુ એની તથા તેની પુત્રી કિશોરીની ખોટી ખુશામત. સૂરજમલ ની ભોળાઇ. હલકી જાતની મધુએની તથા કિશોરીએ એ ભોળાઇનો કરવા ધારેલો ગેર ઉપયોગ. કેસરનું આવવું. કિશોરીના ખોટા પ્રેમમાં ફસાયેલા વીરમે કેસરને તજી દીધી હતી, તોપણ તે પ્યારાને પાપ માર્ગમાંથી છોડાવવા માટે કિશોરીની જાસુસ રૂપે આવીને રહી હતી. હાલ તે કિશોરી પાસેથી મેરતાના રાજ્યમાં . ખબર મેળવવા જવાની રજા લઇ જાય છે. વીરમ અને કિશોરીનો મેળાપ.

૨—મેરતાના રાજા મહીપાળ મેરતીયાની કુંવરી મોહિની સખીઓ સાથે બાગમાં વીનોદ કરે છે. છબીઓ વેચવાવાળીને વેશે કેસર ત્યાં આવે છે. મોહિની એની પાસેથી કોટાના બાળ રાજા કલ્યાણ દેવ હાડાની અને જેસલમીરના મહારાજા સૂરજમલની છબી ખરીદ કરે છે કલ્યાણદેવ હાડાની છબીપર મોહીત થઇ હૈયાપર ધરે છે અને સૂરજમલની છબીને પગ નીચે છુંદે છે. કેસર આડી પડે છે. કેસર અને મોહિની વચ્ચે તકરાર થાય છે. "હલકી જાતની રખડતી સ્ત્રીઓને અંત:પુરમાં દાખલ કરી રજપુત રાણીઓને રંજાડવાનું એ ઇનામ" એમ કહી મોહિની તેને કાઢી મૂકે છે.

૩—વીરમ અને મેરતાથી પાછી ફરેલી કેસરનો મેળાપ. કેસ[ર] વીરમને કિશોરીના કપટી પ્રેમને છોડી દેવાને સમજાવે છે વિગેરે.

૪—વીરમ અને કિશોરીનો મેળાપ. વીરમ કિશોરીને પોતાની સા[થે] લગ્ન કરવાનું કહે છે. કિશોરી ના પાડે છે. સૂરજમલ અ[ને] મધુબેની આવે છે. ત્યાં કેસર આવી મોહિનીએ કરેલ મધુબેની અને કિશોરી મ[ળી] અપમાનના ખબર આપે છે. મધુબેની અને કિશોરી મ[ળી] ભોળા સૂરજમલને ઉશ્કેરે છે. સૂરજમલ વીરમને મોહિનીનું માગું કરવા મોકલે છે. અને માગું ના કબૂલ કરે તો લડાઈ કરી હરણ કરી લાવવા હુકમ આપે છે. મધુબેની અને કિશોરી મોહિની પાસે પોતાની મોજડી સાફ કરાવવા પ્રતિજ્ઞા કરે છે.

૫—મહીપાળ મેરતીયો માગું ના કબૂલ કરે છે. વીરમ લડાઈની બ્હીક બતાવી ચાલ્યો જાય છે.

૬—સૂરજમલના માગાંની વાત જાણતાં મોહિની, કોટાપતિ કલ્યા[ણ]દેવને મદદે બોલાવી લાવવા પોતાની સખી પ્રભાને પ્રેમ પત્રિકા આપી મોકલે છે.

૭—પ્રભા, તેનો જુઠો આશક રસરાજ, તથા તેનો છોકરો ધાપ[ટ] લીઓ. હાસ્ય પ્રસંગ.

૮—કોટાપતિ કલ્યાણદેવ હાડાને પ્રભા મોહિનીની પ્રેમ પત્રિકા આપે છે. હાડો મોહિનીની મદદે જાય છે.

૯—વીરમ જેઠવો, છુપી રીતે હલ્લો લઈ જઈ મોહિનીનું હરણ કરી જવાના ઇરાદાથી મેરતાના કિલ્લા બહાર ઝાડીમાં લ[શ]કર સાથે ભરાઈ રહ્યો હતો ત્યાં પ્રભા કલ્યાણને લઈ આવે છે. કિલ્લાની છુપી બારી ઉઘાડી અંદર જાય છે. વીરમ જેઠવો દગાથી બારી વાટે લશ્કર સહીત કીલ્લામાં પ્રવેશ કરે છે.

૧૦—પ્રભા કલ્યાણદેવને સંન્યાસીનો પોશાક પહેરાવી બીજી દાસી સાથે મોહિનીના મહેલમાં મોકલી દે છે. પાછળથી વીરમ

લશ્કર સાથે પ્રવેશે છે. પ્રભાને પકડી સામત નામના સીપાઈના કબજામાં સોંપી જાય છે.

૧૧—મોહિની અને સન્યાસીના વેશમાં કલ્યાણદેવ. કલ્યાણદેવ ખુબીથી જાહેર થઈ મોહિનીને લઇ જાય છે.

## અંક ૨ જો.

૧—શત્રુના લશ્કરે કિલ્લામાં પ્રવેશ કર્યાના મહીપાળ જેરતાયાને ખબર. મહીપાળનું મેદાન પડવું, ઘાયલ થવું. તેના સામંતોનું તેને લઇ નાશી જવું. કચ્છવાની ફતેહ થાય છે. વીરમને મોહિનીનું હાડો હરણ કરી ગયાના ખબર મળે છે, તે તેમની પાછળ ચડે છે.

૨—પ્રભા અને સામતનો હાસ્ય પ્રસંગ. વાપયાંધ સામતને થાપ આપી પ્રભા છટકી જાય છે.

૩—કલ્યાણદેવ અને વીરમ વચ્ચે માર્ગમાં લડાઇ. મોહિનીનું લડાઈમાં ઉતરવું. મોહિનીને હાથે વીરમનું રણમાંથી નાસી જવું.

૪—સ્ત્રી જાતીને હાથે હાર ખાઇ બચી વાતથો નીરાશ થયેલો વીરમ મરવા તૈયાર થાય છે ત્યાં સીપાઇ વેશે તેની પુંઠે ભટકતી કેસર અટકાવે છે. બન્ને ખરાં પ્રેમીઓ મળે છે. કીશોરીને પડછાયે ન જવા અને કેસરને પરણવા વીરમ વચન આપે છે. બન્ને જેસલમીર જાય છે.

૫—સુરજમલને મધુબેની અને કિશોરી કલ્યાણ દેવ સામે ઉશ્કેરે છે. વીરમ આવે છે. સુરજમલ ને મધુબેની લડાઇનો પેગામ દઇ દુતને હાડા પાસે મોકલવાનો વિચાર કરી જાય છે. વીરમ પાછળ જવા માંડે છે. કિશોરી તેને અટકાવે છે. વીરમ તેનો તિરસ્કાર કરી ચાલ્યો જાય છે. કિશોરી અપમાનનો બદલો લેવા ઠરાવ કરેછે.

૧—સુરજમલ તરફથી લડાઇનો પેગામ આવેલો હોવાથી કલ્યાણ
દેવ હાડો મોહિની પાસેથી રજા લઇ તેની સામેજ ચડાઇ
કરે છે.

૨—કિશોરી, કેસરને વીરમને તજી દેવા કહે છે, વીરમને કેસરને
છોડી દઈ પોતાના ચાલુ પ્રસંગમાં રહેવા સમજાવે છે. એમાંથી
કોઈ માનતું નથી. છેવટ કિશોરી વીરમને સાપ કરડાવી મહેલ
પાછળના ડુંગરાની ખીણમાં ફેંકી દેવરાવે છે. પ્રેમઘેલી કેસર
તેની પાછળ પડતું મૂકે છે.

## અંક ૩ જો.

૧—કેસર શબવત વીરમ સાથે બળી મરવા તૈયાર થાય છે. કેસર
લાકડાં વીણવા જાય છે ત્યાં પાછળથી કલ્યાણદેવના છુપા
જાસુસ ને રસ્તે નીકળેલા વીરમને ઝેરની અસરથી બેભાન
જોઇ ઝેર ઉતારવા પોતાની સાથે લઇ જાય છે. કેસર આવી
વીરમને ન દેખતાં ઉશ્કેરાઇ કિશોરીપર વેર લેવાનો નિશ્ચય
કરે છે.

૨—વીરમને કલ્યાણ દેવ મળે છે સુરજમલ કલ્યાણદેવ ઉપર
ચડાઇ લઇ જતાં માર્ગમાં છાવણી નખી પડેલા છે, એવા
ખબર મળતાં કલ્યાણદેવ તેના ઉપર હલ્લો કરે છે. વીરમ
કલ્યાણદેવે પોતાની સારવાર કરેલી હોવાથી તેને મદદ આ
પવા તૈયાર થાય છે.

૩—સુરજમલની છાવણી ઉપર કલ્યાણદેવ હલ્લો લાવે છે. સુરજ
મલ નાસી જાય છે મધુબેના ને કિશોરી કેદ પકડાય છે.

૪—કિશોરી મોહીનીના મહેલમાં કેદ છે એ જાણતાં કેસર વેર
વાળવા પહેરેગીરને ઠગી મેહેલની અંદર દાખલ થાય છે.
કલ્યાણની રજાથી વીરમ કિશોરીને છેલ્લીવાર મળવા જાય છે.
પરિણામ જોવા કલ્યાણ પાછળ છુપો જાય છે.

૫—કેસર ઉંઘતી કિશોરીનું ખૂન કરવા જાય છે ત્યાં વીરમ ને આવતો જોઇ છુપાય છે. વીરમ કીશોરીને મળે છે. મારી નાખેલાને જીવતો જોઈ કિશોરી ક્રરાથી તેનાપર ખંજર લઈ ધસે છે. કેસર કિશોરીને મારી વીરમને બચાવે છે, કલ્યાણની હાજરીમાં. બન્ને પ્રેમીઓ મળે છે.

૬—નાસતા સૂરજમલને જંગલમાં રખડતો મહીપાળ મળે છે. બન્નેની ઝપાઝપી થાય છે. સૂરજમલ પકડાય છે. મહીપાલના સરદારો ખબર લાવે છે કે સૂરજમલને જીવતો પકડી લાવનાર માણસ જે માગશે તે આપવાનો ઢંઢેરો કલ્યાણદેવે જાહેર પાડયો છે. તેથી મહીપાળ સૂરજમલને લઇ કોટા તરફ જાય છે.

૭—મરેલી કિશોરીના કપડાંમાંથી મળેલી ચીઠ્ઠીને આધારે મોહિની સૂરજમલ પાસે મધુબેની ને કિશોરીના પ્રપંચનું પોકળ ખુલ્લું કરે છે સૂરજમલ પસ્તાય છે.

૮—દરબારમાં મોહિનીના કહેવાથી કલ્યાણ દેવ સૂરજમલને માન સહીત છૂટો કરી જેસલમીરનું રાજ તાજ પહેરાવે છે. મધુબેના પાસે મોહિનીની મોજડી સાફ કરાવે છે. સૂરજમલને પકડી લાવનાર મહીપાળને ઇનામ માગવાનું કહેતાં તે જાહેર થાય છે. મેરતાની ગાદી મહીપાળને સોંપાય છે. મહિપાળ મોહિની અને કલ્યાણનો હસ્ત મેળાપ કરાવી આપે છે. એ આનંદમાં વીરમને કેસરપણ મળે છે.

॥ ॐतत् सत् परमात्मने नमः ॥

# મોહિની.

## મંગળાચરણ.

સૂત્રધાર— ૧

શંભુ સુખ દાતા
વિનંતી નાથ સ્વીકારો—શંભુ.
દયાનીધી હો ભવપતિ ભોળા
સેવક દુખ તાપથી ઉગારો.—શંભુ.
તારૂં એકજ શરણુ છે મારે
શરણાગતનું બિરદ વિચારો—શંભુ.

સૂત્રધાર— ૨

સતી શીયળવંતી જુવતી ધન્ય તેજ વિશ્વમાં
અવતારો અંશ એ પતિના ગૃહતણી રમા—સતી.
ભર્યું નિર્મળ ચિત પ્રેમથી કુટુંબ વત્સળા
ઉત્સાહી દૃઢ ને દયાભરી સુવીમળા— સતી.

નટી— ૩

નીતી કેરા પાઠ પ્યારા હો પઢાવો પિયુ
સત્ય ન્યાય ને ધર્મ મારગે પિયુ દોરજો
શીયળતણાં આભૂષણ સાચાં અપાવો પિયુ.—નીતી

## અંક ૧ લો.

મધુબેની— ૪

શી કરમની ખુબીની વાત ભેદની ભરી
હતી હું કોણ જાત ભાત ક્યાં જઇ ઠરી ? શી.
ક્યાં ઝુંપડીનો વાસ ક્યાં નિવાસ મહેલમાં
માગવી ક્યાં ભીખ ક્યાં આ ચમન સેલમાં
આવી પડી રાજ લક્ષ્મી રેલછેલમાં
થઇ રહી મહારાજ કેરી નેણ પુતળી—શી.
રાણી રજપૂતાણીઓને કરી રાયથી પરી
તેં રાજ્યની લગામ લીધી પ્યારી દીકરી
તક સાધી લઇશુંજ રાજ્ય આપણું કરી
સહુ સફળ થશે યુક્તી જુગતી બંધ આદરી—શી.

સૂરજમલ— ૫

જોઉં અજબ રસીલી તુજ પ્યાર
હું તાબેદાર તું છે સરદાર
સુખનો ભંડાર તું છે
હૈયાનો હાર તું છે
સંસાર સાર તું છે
જીવનો આધાર તું છે
હું ગણું તું સહુ તું સહુ મારી
ના કરું ન્યારી કોદી લગાર—જોઉં.

કેસર—( અંદરથી ) હ્યોરે કોઈ કંકણુ કામણુ ગારાં
આપું અત્તર હું ન્યારાં ન્યારાં—હ્યોરે.

કિશોરી— ૬

પ્રેમના રંગના તરંગમાં હો આલો ઝીલીએરે
પીયુ સંગમાં

જેમન ચોકે પીયુ પધાર્યા
ઉતરો આનંદ રસ જગમાંરે—વ્હાલો.
પ્રીતેથી પ્યારા રંગું હારાં
અંગને રસીક રસ રગમાંરે—વ્હાલો.

મોહિની અને સખીઓ

## ૭

આલી જો જો તો કેવી રાત આ રઢીઆળી રે !
ગગનમાં સુભાગી સ્વામી ચંદ્રના
પોતે ખીલીને જગ ખીલવે જો
પૂર બહાર મહીં પોતે ખીલીને જગ ખીલવે જો—આલી૦
ધન્ય ધન્ય એ જોડલું ધન્ય ધન્ય અવતાર
જેને સુખીયાં જોઇને સુખ લે સહુ સંસાર—આલી૦
અગણિત તારા આભમાં અમથા ગોથાં ખાય.
સતી સામું યે ના જુવે રટે એક શશીરાય.—આલી૦
નીતી એવી નીહાળીને દુનીયાંનાં દીલડાંય
સતીને સુખમાં જોઇને આનંદે ઉભરાય—આલી૦
મહિમા આવો છે સતીઓ તણોરે લોલ
જાણો સુજાણ સતીઓ બનોરે લોલ
સ્વામીને સદા પ્રભુ સમ ગણોરે લોલ
નારી સતીતણો જય જય ભણોરે લોલ.—આલી૦

સખીઓ—

## ૮

રસીયો રસીલી તુને પ્રેમે રમાડશે
પ્રેમે ઝુલા પર ઝુલાવશે હો બેની—રસી.
પ્રેમનાં ગીત રોજ ગાઇ ગવડાવશે
પ્રેમનાં પાણીએ નવરાવશે હો બેની—રસી.
પવન મંદ મંદ પ્રેમ પંખાથી નાખશે.
પ્રેમ નીંદે મસ્ત એ બનાવશે હો બેની—રસી.

ઝર—

## ૯

હ્યોરે કોઈ કંકણુ કામણુગારાં
આપું અન્તર હું ન્યારાં ન્યારાં—હ્યોરે.
ચીત્રો વિચીત્ર છે વિરલ નરોનાં
નીરખે નયન હરનારાં —હ્યોરે.
ગુલાબ બીલોરી સળીને સુરમા
પટોળાં પાટણુવાળાં—હ્યોરે.

પ્રહ્નિની અને સખીઓ }—

## ૧૦

મઝા થાશે ભલે મેરતીલાની તલવારની
તલસે છે પીવા લોહી એ કટારની—મઝા.
રજપૂતોની નીતી રીતી ઓલી તું શું જાણે ?
ગલી ગલી ફરનારી બજારની (તું છે) ગલી.
સર—એમ છે તો એક દિન બતાવિશ આપને
સકતી છે કેવી સુરજમલ સરદારની—મઝા.

સર—

## ૧૧

ઘટ ઘટના વાસી ઘનસ્યામથી રે
ઘેલા કયાં તું છુપાશે હાંહાંરે ઘેલા કયાં તું છુપાશે ?
પાપ તીહારૂં પલ એકમાંરે
ઘેલા પ્રગટ તો થાશે હાંહાં રે ઘેલા પ્રગટ તો થાશે.
જ્યાં ચંદ્ર કે સૂરજ તણાં કિરણો જરી નહિં સંચરે
નહિ વાયુ પણ વીંધી શકે એ પૃથ્વી પટની અંતરે
દિવસે અને સંધ્યા સમે ઘનઘોર રાત્રિને વિષે
ઘટ ઘટ નિવાસી નાથને જે જે બને તે તે દીસે—ઘટ.

સર—

## ૧૨

જપું નામની તારા હું નીત માળારે પિયુ પ્રાણુ આધારા
અલેને રહ્યાં ન્યારાં દર્શ તીહારાં વાચ્યું સદા રઢીઆળાં-જપું

તેં તો ભયેને તજી મુજને દેવ મારો તો તું છે પ્યારા
સદાય શુદ્ધ મને સ્વામી હું તો ભજીશ તને
તારા સુખે સુખી દુઃખે દુઃખણી હું
આ કાયા તારા કલ્યાણ માટે ધારી છે વ્હાલા—જપું.

૧૩

કિશોરી—

જેસલમીરતણા શૂરવીર સુભટ આવો—આવો.

વીરમ—હાજર હજુર છું દાસ તીહારો હુકમ ફરમાવો ફરમાવો—જેસલ.

કિશોરી—લટકતી ચાલ તારી ચટકતી ચાલ તણી ખટક
અટકી મુજ અંતરમાં

વીરમ—ચંદ્રવદની તુજ ચરણ પાસ આ તારો શો ગણતરમાં ?
ના શરમાવો શરમાવો—જેસલ.

૧૪

કિશોરી—

સ્વતંત્રતા શીદ ખોવી નાહક મારે ?
માનું હું લગ્નને બેડીનું બંધન
ગુલામી જીંદગી જોવી નાહક મારે—સ્વતંત્રતા.
મહીપતિ કેરી માનીતી કુંવરી
દુનીયાં કરે શું વગોવી ( કહો મને ) સ્વતંત્રતા.

૧૫

વીરમ—

થઇને સમજુ આ શું બોલો ?
જીવ નિરજીવને શું સરખાવો ?
ક્ષુદ્ર ફૂલ ક્યાં ? અમોલ આત્મા
ગોળ ખોળનો ભેદ રખાવો
સત્ય અસત્યની ઓળખ કરવા ઇશ્વરે આપી સુબુદ્ધિ
મીથ્યા મમત મહીંજ ઉતરી ઉતારો એને ન વાટે ઉંધી-સમજુ

કેસર—

૧૬

ફરતી ફરતી ઉતરી ગઇ મેરતા દેશ
મહીપાળની કુંવરી દીઠી બાજે વેશ
વેંચી છબી મેં આપની તે બાળાની પાસ
છુંદી એણે પગ તળે છુટ્યો મુજને ત્રાસ
કારણ પૂછ્યું એહનું કહ્યું "સૂરજમલ્લરાજ
રખાતને ઘર સંઘરી લોપે કુળની લાજ"

મહીપાળ—

૧૭

થાય તે ભલે કરે, ન મેરતીઆઓ કદી ડરે
વીરમ—જોર ઉતારશે, તોર ઉતારશે કચ્છવાની તલવાર રણે—થાય
મહીપાળ—સિંહ તણો શું શિકાર જશે લઈ આમ ડરાવીને
આજ શીઆળ
વીરમ—સિંહ શીયાળની સમજ પડશે આવી ઉભો રણ ભૂમિ
પરે—થાય.

મોહિની—

૧૮

દીવાની બની મસ્તાની
પીયુ હું દીવાની—
નેણાં રસીલાં નીરખી તારાં
હું તો ભાન ભૂલી
બની ગઇ દીવાની—દીવાની.
ખાન લીધું, પાન લીધું, માન લીધું હા
ઠગારા તેં, ધુત્તારા તેં, લૂંટારા તેં
મોહ કેરાં બાણ મારી
હર્યું મન મારૂં, હર્યું તન મારૂં ને જોબન મારૂં.
કરી તેં દીવાની—દીવાની.

## ૧૯

કપીરો—

તારૂં મદભર જોબનીયું છલકાવી લેને તું
છલકાવી લેને તું મલકાવી લેને તું—તારૂં
ચડતી ચાર દીવસની જોબન સૂરખ ના મન એની તું
પણ શાણી થે માણી, વ્હાલો વ્હાલમને વેગે વધાવી લેને તું-તારૂં
જોબન રંગ પતંગ જો પેલી જોતામાં જાયે ઉડી
પિયુ સંગે, રમી રંગે, આવ્યો અવસર આ સફળ
બનાવી લેને તું—તારૂં.

## ૨૦

રસરાજ—

આવો આવો સજણી સુંદર આવો આવો
મન આ તમારૂં જાણો તન આ તમારૂં જાણો
વદન છબીલું ના છુપાવો—આવો-આવો.
શરમ સમેટો હવે ભાવથી લ્યો ભેટો હવે
ભામની ન વધુ ભાવ ખાઓ—આવો-આવો.
પેલો ઘુમટો આ ખોલો પ્રેમ બોલ બોલો બોલો
તારણી હવે ન તરસાવો—આવો-આવો.

## ૨૧

પ્રભા—

ચાલો ચતુર મારા ચીતડાંના ચોર
રસરાજ—ચાલો કોડીલાં મારાં કાળજાંની કોર
પ્રભા—ચાલો મોહન મારા માથાંના મોર
આંધલીયો— વાહ વાહજી વાહ વાહ અડીઅલ ઢોર.
લ્યો ચાલ્યા લંપટ લાલા
કરવાને મોઢાં કાળાં
ઘરબારને મૂક્યાં પડતાં
બાળકને મુક્યાં રડતાં
નવ જોઈ જાત કે ભાત
નવ જોયાં માત કે તાત.

પણ નથી આ મારો હાથો
રોકી રાખું તો સાચો
ભવથી ભંભાવું જોડ
ખૂબીથી ભૂલાવું ખોડ—ચાલો.

ાણુ—

## ૨૨

રસ ભીની ભીની આજ નયનાં દીઠી
ક્યાં સપનામાં જોઈ શામા રૂપ ધામા આજે રૈન—રસ
પ્રેમી બાળા મળી'તી રસાળા,
બાંધી કંકણ પ્રીતે, રસની લ્હાણુ
લ્હાય સુઘડ નયનમેન—રસ.

ાણુ—

## ૨૩

ક્ષત્રિ કુળ ભૂષણ રાજ! અરજી આજ આ ઉર ધારજોરે
વરી બેઠી છું રાજન હું મનથી તમ સંગ સુજાણુ
નીરખી સુંદર સ્યામ પ્રિય કલ્યાણુ—આઉર.
હરિ જાશે શું હંસતણા સાણુમારને કાગ કુજાત
અરર ભયંકર વાત હાડા નાથ—આઉર.
માસું કરેછે જેસલમીરપતિ લડવા તૈયાર
જઉં કચ્છવા દરબાર હાડાની નાર?—આઉર.

ાણુ—

## ૨૪

જોગ ને ભોગ સમાન સદા છે
પ્યાલો પીધો પૂર પ્રેમનો જેણે
ખાવા પીવાનું ન ધ્યાન એને
સુતા બેઠાનું ન ભાન એને
એકજ પ્રેમાનું નાન એને—પ્યાલો.
શહેર કે હો સમશાન એને
સદા સમાન આરામ એને
એકજ પ્રેમીનું કામ એને—પ્યાલો.

## ૨૫

મોહની—

વાટડી જોઈ હું જાલાની થાકી
થાકયાં નયન ભરી પાણીરે
નાથજી નવ આવીયા
નવ મોકલી કાંઈ નીશાની
સખીરી કરૂં શું હું હિમ્મત મારી
જાય છે હવે તો હારે—હારી
શું રે હાડનો કુલ હારશો સખી
આમ તે નિર્દય થાશેરે
હૈયાની સહુ હોંશ શું મુજ
હૈયામાંજ સમાશે—સખીરી.

## ૨૬

મોહિની—

પીઓ પ્રેમી રાજનરે પ્યાલી આ—પીઓ.
ગુલાબી પેરી આંખડલી આ ગૌર ગુલાબી અંગ
ગુલાબી પ્યાલી આ પીતાં અંતર છાય ગુલાબી રં
—પી

અજબ રસ અમૃત ભર્યો છે રસીક મારા હાથ
બનો પીને પરદેશી પ્યારા રસીક રસીક સાથ—પી

## ૨૭

મોહિની—

મારા જીવનું જીવન અલબેલા સુજાણ
મોહિનીનો તન મનનો માલેક
મોહન તું હવે માન—મારા.
સેવા કરૂં સ્વામી ગણીને સ્વયંભૂ
બની રહી નીરમળ ગંગા
જોશે નયન તુંજ તુંજ રસિકને
ચાહશે ચિત્ત નિત્ત એકજ તુજને
સાથે રહી સંસાર ઉતરશું
સુખે સલુણા સ્યામ—મારા.

## અંક ૨ જો.

હીપાળ—

૨૮

થરરરરરરર કેમ આજે કાય કંપિત થાય છે?
ચરરરરરરર ચિત્ત મારૂં અકારણુ ચોરાય છે—થરર.
નયનમહીં નિદ્રા ન આવે
ચેન લેશ પડે નહીં
અશુભ તર્ક વિતર્કમહીં
અંતર અતિ અથડાય છે—થરર.

૨૯

ભા—બની ઘેલી હું આજ જોઇને મોહન તારૂં મુખડું
ભત—ભાગ્ય ખીલ્યાં ભલાં ભાગ્ય ખીલ્યાં—બની.
ભા—કાળી કાળી તારી આંખથી રે હાય.
કાળજું આજ મુજ કોર્યું—ભાગ્ય૦
ચટક મટકતી ચાલથીરે હાય
ચીતડું આજ મુજ ચોર્યું—ભાગ્ય૦
કરવા લગન આ લાલથી રે હાય.
દિલડું આજ મુજ દોડયું—ભાગ્ય૦

હિની—

૩૦

નવ મુને અબળા ધારો—પીયુજી
સતી નારી બળ ધારે સત્યને આધારે
સેંકડો વીર કેરૂં—પીયુજી—નવ.
કર સિંહણના મુખની માંહે ધરવો
મણિ ભોરિંગના મુખમાંથી મેળવવો
જોખમ ભરીયું જીવનને છે તેવું
નાર સતીતણું સત હરી લેવું—પીયુજી—નવ.

## ૩૧

કલ્યાણ—

વાવારે વાવારે વીરનારી જોઈ અજબ તીહારા હામ

વાવારે વાવારે વીરનારી જોઈ અજબ તીહારા હામ — વાવારે.

સાચી ભૈરવી સ્વરૂપ તું—

સંસાર સુખદ મમ આજથી માનું થયો—વાવારે.

જોર નવીન મુંને આવ્યું

નીરખી મારો શ્રમ છે સુકામ મયો—વાવારે.

## ૩૨

કેસર—

સ્નેહની સત્તા શી આવી ?

નીશદીન વન વન ભટકી

પીયુ મોહન તક તોયે હજુ ન હાથ આવી—સ્નેહ.

વેશ ધરી ગુણિકાનો આવી

પીયુ છાવણી જઈ રીઝાવી

રજા મેળવી બની સિપાઈ

ગઈ રણે પિયુનો કર સાહી

સ્નેહે હા બહુ બહુ અથડાવી

તોય ન સ્નેહી પરે હું ફાવી—સ્નેહ.

## ૩૩

કેસર—

ચાલો પીયુ પ્રાણાધાર

વીરમ—ચાલો પ્યારી—ચાલો.

માનું વારો હું કેવો આભાર

કેસર—એ શું વદો ? જાઓ જાઓ

વીરમ—પાપી પંથથી ઉગાર્યો પતિત પતિ આજે તેં સતી નારી. ચાલો.

કેસર—ચાલો હવે ઝટ જઈએ પ્રીતમ ઘર

વીરમ—ચાલો સુભગ સુંદર દેવી મારી—ચાલો.

મધુમેની— ૩૪

રસ કેરા શોખી રાજ જાઉં વારીરે
જાઉં વારી જાઉં વારી જાઉં વારીરે—રસ.
અંતર નાચે અજબ રસ રંગે
જોઉં હું છબીઓ જ્યારે
છબી તારી છબી તારી છબી તારીરે—રસ.
જોબન બાગે નવીન ફુલ ખીલ્યાં
લે સુગંધી ભોગી ભ્રમર
ન્યારી ન્યારા, ન્યારા ન્યારા, ન્યારી—ન્યારીરે—રસ.

વીરમ— ૩૫

(હંમેશાં) સત્ય સહાયક ભગવાન સદા સત્ય સહાય કરે છે
એ પ્રભુની ઇચ્છા વિણ તૂટયો
પીપળ પરનું પાન પણ ના કદી ખરે છે—સત્ય.
હું કરું હું કરું કરી હું પદમાં
નાહક કાં નાદાન તું મરડાઇ મરે છે—સત્ય.

કિશોરી— ૩૬

કર્યું અપમાન તેં મારું કંઇ ન વિચાર્યું
તો અભિમાની જો હવે તારું
કેવું ઉતારું ગુમાન—કર્યું
બની છું આજ તારા જીવની વેરણ રે
વેર વેર વેર વેર
નહીં વિસારું
મરું કે મારું—લોહી પી તારું
અંતર ઠારું પણ એ ધારું નાદાન—કર્યું

## ૩૭

મોહિની—

આવો આવો રાજન અલબેલા
જાઉં વારી પીયુ પ્રેમઘેલા—આવો.
ઘેલી પીયુ દરશન વીણુ દાસી
રહો સદા સમીપે છબીલા—આવો.
નેણુંકેરા અમીરસની હું પ્યાસી
પાઓ પ્રેમે પીયુજી રસીલા—આવો.

## ૩૮

મોહિની—

ઝળકાવો જાઓ વ્હાલારે
ઝટ દાદા કુળની કીરતી—ઝળકાવો.
ઉમયાપતિ રહો નીશદિન પ્રિયતમ
રણુમાંહે રખવાળ તમારા
દુશ્મન મન પણુ હાથ વખાણે
આવો સ્વામીજી જશ પામી ધારો જયમાળા—ઝળ.

## ૩૯

કિશોરી—

અમોલા પ્રેમનો મારા કરી ધિક્કાર ઓ વીરમ !
સહી હું શા શકું બીજી પરે ધર પ્યાર ઓ વીરમ !
નથી એવી દયાળુ હું અદેખી નાર ઓ વીરમ !
જનમતું જોડલું તારૂં કરીશ હું ખ્વાર ઓ વીરમ !
લઈશ હું કાબુમાં પાછો તને આ વાર ઓ વીરમ !
નહીં તો વાસ તારો છે મરણુ દરબાર ઓ વીરમ !

## ૪૦

કેસર—

ભલે જીવ આ જાય, ચુરા તન થાય
ખમું ખુશીથી પીયુ કાજ
ક્રૂર રાક્ષસણીના જેવી તું નારી

પૂઠે નાહકની પડી છે તું અમારી
જા તારાથી થવાય તેવી થાજે—ભલે.
બાપ અમાપની પાપની પુતળી જા જા જા
તું જેવી દુષ્ટથી ડરૂં ન લગાર
પ્યારા ભરથાર હૈડાંકેરા  હાર—માટે વેઠું આ
સઘળાં સંકટ આનંદ ભર હું આજ—ભલે

## અંક ૩ જો.

કેસર— ૪૧

હરિરે હરિ લીધા પ્યારા મારા
આવી પડી આ અસીધારા—હરી.
તજ્યું સર્વે જેને કાજે
તે તજી ચાલ્યો જાય
જીવી શું કરૂં ! સહી ન શકાયે
મુજથી દુખ ધારા—હરિ.

નાચનારીઓ— ૪૨

આજ મળી ખેલો સાહેલી સહુ સંગમાં
ગાઓ બજાવો ને નાચો ઉમંગમાં—આજ.
ખીલ્યો છે વસંત બ્હાર ખીલ્યો છે સૃષ્ટિતણો શણગાર
ખીલે રમા કેરો રસભર પ્યાર
ખીલાવો ભુપને આવો એલી આવો
રંગી સુરંગમાં—આજ.

નાચનારીઓ— ૪૩

મોરી ગલી આજારે સાંવરીયા
દરશ દીખાજા જાન—મોરી.

સુન સુન કલીયોસેં સેજ બીછાઇ હાં
સોજા સુહાજારે સાંવરીયા—મોરી.
છતીયન ધડકત રતીયન તલપત હાં
આજા—સુહાજારે સાંવરીયા—મોરી.

સબુએની— ૪૪

દશા શી થશે અરેરે હાય અમારી હા હરીરે
બાજી બીછાવી પરને કાજે તેમાં અમે ફસાયાં આજે
અંતરની આશા અંતરમાં ગઇ મરીરે—દશા
પ્રથમ વિચાર કીધો ના કાંઇ અભિમાનમાં ગયા તણાઇ
તો ચાલ્યાં બંધાઇ, કર્મ અતિ ફરીરે—દશા.

કેસર— ૪૫

પ્યારીરે આશ પૂરી
પ્રભુજી આભાર શો માનું
હું તો દાસી છું તારી હો મુરારી—રે આશ.
પિયુને મળી હું પ્રેમને પામી હું ફરીથી
દુખડાં હર્યાં પ્રભુજી સઘળાં
સુખની શોળી મીઠી રમતી છાય દીઠી
પાપ પુંજ હરીને પાવનકરી ને ઉગારી—રેઆશ.

મહીપાળ— ૪૬

અજબ ખરે છે ખુબી ભાગ્ય કેરી
પામે ના કોઇ તેતણો પાર—અજબ.
રાજ રંક, રંક કરતુ, જોતામાં તખત સ્વામી
જગમાંનો હું છું આજ રખડતાર—અજબ.

## ૪૭

પુરૂજમલ—

ધીક ધીક અધમ તને
કોટી શરમ શરમ
મીઠી વાણીમાં લોભાવી,
કરવા શું ધારે નીચ ન્હારી તું ખુવાર મને ?—ધીક.
ગણીને રતન જેનું કર્યું'તું જતન મેં
કર્મે કર્યો કુડો કાચકેરો કટકો
પાપ કેરી પ્રતીમા તું દુર થા દુર થા દુર થા દુર થા.
હૈયામાં આગ ઉઠે જોઈ જોઈ નગણી તુજને—ધીક.

## ૪૮

...હિની—

રે ના સુજાત બને કદી કુજાત
ભલે આપો પ્રાણ દાન તમે—રે ના.
રંગ જશે નહિ કોયલાકેરો
ભલેને સાફ કરો સોમણ સાબુએ તમેરે—રે ના.
વાસ જશે નહિ ડુંગળીકેરી
ભલેને ક્યારો કરી કસ્તુરીનો વાવો તમે—રે ના.

## ૪૯

...રાંગના—

આવો નંદના લાલ રમીએ રંગભરરે,
રંગભર રંગભર રંગભરરે—આવો.
ઝોલે ચડયું આ જોબન જોને
જોને કમર મદભરની લચક મચકતી ચાલ—રમીએ.

## ૫૦

ચર્વ—

સત્ય રૂપી નાવે ઉતર્યાં કીનારે વાહવારે વાહવારે આખ
હોડકી અસત્યની ડુબી આખરે—સત્ય.
પાપીનો ક્ષયછે, ધર્મ નિર્ભય છે, ધર્મીનો જય છે આખ
ધરમ પરમ ધારજો
ચંદ્ર ધર્મ રૂપી, પાપીષ્ટ રાહુથી, બે ઘડી રહે છુપી
નીકળે ઝળૂકી તેજે ભર્યો પૂરો આખરે—સત્ય.

સમાપ્ત.